હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૮૭, વર્ષ : ૩૭, અંક : ૧૬
૧૬-ઓગસ્ટ, ૨૦૨૬


# ઉદીચ્ય


HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ


## વંદે માતરમ્

વંદે માતરમ્
સુજલામ્ સુફલામ્ મલયજ શીતલામ્
શસ્ય શ્યામલામ્ માતરમ્ ।। વંદે માતરમ્।। ૧ ।।
શુભ્રજ્યોત્સ્ના પુલકિતયામિનીમ્
ફુલ્લ કુસુમિત દ્રુમદલ શોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુર ભાષિણીમ્
સુખદામ્ વરદામ્ માતરમ્ ।। વંદે માતરમ્।। ૨ ।।
કોટિકોટિ કંઠ કલકલ નિનાદ કરાલે
કોટિ કોટિ ભુજૈર્ધુત ખરકરવાલે અબલા કે બલે માં તુમિ અબલે
બહુબલ ધારિણીમ્ નમામિ તારિણીમ્
રિપુદલવારિણીમ્ માતરમ્ ।। વંદે માતરમ્।। ૩ ।।
તુમિ વિદ્યા તુમિ ધર્મ તુમિ હૃદિ તુમિ મર્મ
ત્વં હિ પ્રાણાઃ શરીરે બાહુ તે તુમિ માં શક્તિ
હૃદયે તુમિ માં ભક્તિ
તોમારઇ પ્રતિમા ગડિ મંદિરે, મંદિરે માતરમ્।। વંદે માતરમ્।। ૪ ।।
ત્વં હિ દુર્ગા દશપ્રહરણધારિણી,
કમલા કમલદલ વિહારિણી
વાણી વિદ્યાદાયિની, નમામિ ત્વાં, નમામિ કમલામ્
અમલામ્ અતુલામ્, સુજલામ્ સુફલામ્ માતરમ્ ।। વંદે માતરમ્।। ૫ ।।
શ્યામલામ્ સરલામ્ સુસ્મિતામ્ ભૂષિતામ્
ધરણીમ્, ભરણીમ્, માતરમ્ ।। વંદે માતરમ્।। ૬ ।।

- બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

ભારતના ૮૦મા (૧૫ ઓગસ્ટ) સ્વતંત્રતા દિવસની સૌને હાર્દિક શુભેચ્છાઓ. હજારો લાખો દેશ ભકતોના બલિદાન અને સંઘર્ષની યાદ અપાવતો દિવસ જેની ઉજવણીમાં દેશનો પ્રત્યેક નાગરિક દેશની સુખ, શાંતિ, સમૃધ્ધિ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે અને આઝાદી માટે પોતાના પ્રાણને ન્યોછાવર કરનાર તમામ વીર જવાનો અમર શહીદોને યાદ કરી વંદન કરતો હોય છે. પ્રાર્થના કરતો હોય છે. આઝાદીનો આ પર્વ દેશ પ્રેમ, ત્યાગ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પનો દિવસ છે. વિવિધ ધર્મ, ભાષા અને સંસ્કૃતિ ધરાવતો આપણો દેશ જયારે એક સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપ છે ત્યારે આપણી 'વિવિધતામાં એકતા' છતી થાય છે.

એક તરફ જયારે દેશની આઝાદીની ઉજવણી કરી રહયા છીએ, તો બીજી તરફ શિક્ષણ, રોજગાર જેવા અનેકવિધ મુદ્દાઓને લઈને યુવાનો દ્વારા આંદોલનો ચાલી રહ્યા છે. લોકશાહીમાં પોતાની વાતની રજૂઆત કરવી, અન્યાય સામે અવાજ ઉઠાવવો, ધરણા ઉપર બેસવું, શાંતિપૂર્ણ પ્રદર્શન કરવું એ આપણો બંધારણીય અધિકાર છે. યુવાવયે પોતાનામાં એક અલગ ઉર્જા અને જુસ્સો હોય છે. આ ઉર્જા સકારાત્મક દિશામાં ઉપયોગી બને તો રાષ્ટ્રના વિકાસનો પાયો બનતી હોય છે. પોતાની માંગણી અથવા રજૂઆત સ્પષ્ટ હોય અને સાથે સાથે આંદોલનોનો લાભ પોતાના સ્વાર્થ માટે ન કરે તેવી જાગૃતતા હોવી જોઈએ. સોશિયલ મીડિયાના જમાનામાં ખોટી અફવાઓ, અર્ધસત્ય કે ભડકાવનારી બાબતોથી દૂર રહેવું. કોઈ હિંસાત્મક કે રાષ્ટ્રીય સંપત્તિને નુકશાન ન થાય, માત્ર સમસ્યાઓ જ નહિ તેની સાથે તેના ઉકેલો રજૂ કરી સંવાદથી શાંતિપૂર્વક ધરણા કરવા જોઈએ. દેશની નીતિઓ, શિક્ષણ, રોજગાર અને વહીવટી બાબતોમાં સુધારા માટે ઉપયોગી સૂચનો અને રચનાત્મક કાર્યો તરફ આગળ વધવું જોઈએ. જોશીલો યુવાન કોઈના દોરવાયો



દોરવાય નહિ અને પોતાની સૂઝબુઝથી સમસ્યાઓની રજૂઆત કરી સકારાત્મક ઉકેલ મેળવે નહિ કે અંગત મહત્વાકાંક્ષાઓ માટે આવા આંદોલનો સાથે જોડાય. આઝાદી એ માત્ર અંગ્રેજોની ગુલામીમાંથી માત્ર મુક્તિ નહોતી, પણ એક એવા ભારતનું સ્વપ્ન હતું જયાં દરેક નાગરિક સુરક્ષિત, આત્મનિર્ભર અને સક્ષમ હોય. દેશ આપણને શું આપે છે તે વિચારવા કરતાં આપણે દેશને શુ આપી શકીએ, રાષ્ટ્રનિર્માણ માટે શું કરી શકીએ તેવું વિચારવું એ જ સાચી દેશભકિત છે. આપણે સૌ સ્વતંત્રતા દિવસે એક સંકલ્પ કરીએ કે આપણી માંગણીઓ કે વિરોધ વ્યકત કરતી વખતે પણ રાષ્ટ્રપ્રથમના ભાવને જાળવી રાખીશું.

યુવાનો તમારા જોશને વિવેક, જ્ઞાન અને રાષ્ટ્રનિર્માણના માર્ગ તરફ વાળો, તેવી અભ્યર્થના સાથે જયહિંદ વંદેમાતરમ્

તા. ૧૬-૦૮-૨૦૨૬
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી




❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટસ કૉલેજ, વિજાપુરમાં તા. ૯ માર્ચ, ૨૦૨૬ના રોજ વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભગિની સંસ્થાના આચાર્ય રીટાબેન પટેલે અધ્યક્ષ, અતિથિ વિશેષ તરીકે કૉલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ તથા પ્રિ. મનીષાબેન પટેલ તથા સુ શ્રી હિરલબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. પ્રિ. ડૉ. સુરેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મહેમાનોને આવકારતા વિદ્યાર્થિનીઓને જીવનમાં નવા ક્ષેત્રો ખેડવા માટેની પ્રેરણા આપી હતી. મહેમાનશ્રીઓએ 'જીવનમાં અલગ અલગ ભૂમિકાઓ સંતુલિત રીતે માત્ર સ્ત્રીઓ જ ભજવી શકે છે જો એમની ઈચ્છા શક્તિ હોય તો' તેવા સંદેશા સાથે વિદ્યાર્થિનીઓને સંબોધી હતી.



❊ રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ, મહેસાણાના પ્રિ.ડૉ. શાંતાબેન એચ. પટેલના નવા અભિગમ હેઠળ ભૂતપૂર્વ તાલીમાર્થી કે જેમને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ – નેશનલ ટેલેન્ટ એવોર્ડ મળેલ છે ઈનોવેશન ક્ષેત્રે શૈક્ષણિક કાર્ય કરેલ એવા પ્રકાશભાઈ જયંતીલાલ આચાર્યની પ્રેરક ઉપસ્થિતિમાં દીક્ષાંત સમારોહ અને વાર્ષિકોત્સવ કાર્યક્રમ યોજાઇ ગયો. સમારંભના અધ્યક્ષ કાન્તીભાઈ પટેલ, પ્રકાશભાઈ આચાર્ય, દિલીપભાઈ ચૌધરી અને શરદભાઈ વ્યાસે પોતાના ઉદ્‌બોધનમાં શિક્ષણના મહત્ત્વ વિશે વિસ્તૃત વિચારો રજૂ કર્યા. તેમને જણાવ્યું કે શિક્ષણ માત્ર પુસ્તક સુધી માર્યાદિત નથી, પરંતુ જીવનમાં સારા સંસ્કાર, નૈતિકતા અને જવાબદારીનું નિર્માણ કરવાનું મહત્વપૂર્ણ સાધન છે. તેમને તાલીમાર્થીઓને ભવિષ્યમાં એક આદર્શ શિક્ષક બનવા માટે સતત અભ્યાસ, સર્જનાત્મકતા અને સમર્પણથી કાર્ય કરવાની પ્રેરણા આપી હતી.



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં પ્રિ.ડૉ.સી.એમ ઠક્કરના અધ્યક્ષ સ્થાને અને માર્ગદર્શન હેઠળ તા.૭–૩–૨૬ ના રોજ વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી અને મહિલાઓના અસ્તિત્વ વ્યક્તિત્વ વિષયક સુંદર ચર્ચા કરી હતી. વિમેન સેલના અધ્યક્ષ ડૉ. કુસુમબેન અખાણીએ નારીશક્તિ, સ્ત્રીની જવાબદારીઓ, સ્ત્રી તરીકેની ભૂમિકા, સ્ત્રીકેન્દ્રી સરકારી યોજનાઓ વિશે રસપ્રદ અને માર્ગદર્શક વ્યાખ્યાન રજૂ કર્યું હતું. કાર્યક્રમ સંચાલન ડૉ.ભાવનાબેન બોસમિયાએ અને આભારવિધિ ડૉ.અંજનાબેન મકવાણાએ કરી હતી.

## કાર્યક્રમ



❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીના મનોવિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ દ્વારા તાજેતરમાં 'પરીક્ષા દરમિયાન થતો તણાવ અને તેના નિવારણ' વિષય પર ગ્રુપ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પરીક્ષા સંબંધિત તણાવને સમજવો અને તેને અસરકારક રીતે કેવી રીતે સંભાળી શકાય તે અંગે જાગૃતિ લાવવાનો હતો. આ ગ્રુપ ડિસ્કશનમાં વિદ્યાર્થીઓએ પરીક્ષા પહેલા અને દરમિયાન અનુભવાતો માનસિક દબાણ, ભય, આત્મવિશ્વાસની કમી અને સમય વ્યવસ્થાપન જેવી સમસ્યાઓ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ ચર્ચા દરમિયાન તણાવ ઘટાડવા માટે નિયમિત અભ્યાસ, સમયનું યોગ્ય આયોજન, સકારાત્મક વિચારધારા, ધ્યાન અને આરામની પદ્ધતિઓ જેવા ઉપાયો પણ રજૂ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ એકબીજાના અનુભવો સાંભળ્યા અને પરીક્ષા દરમિયાન શાંતિપૂર્વક અને આત્મવિશ્વાસ સાથે કેવી રીતે તૈયાર થવું તે અંગે ઉપયોગી સૂચનો આપ્યા. આ પ્રકારની ચર્ચા વિદ્યાર્થીઓમાં માનસિક સ્વસ્થતા અને શૈક્ષણિક પ્રગતિ માટે ખૂબ ઉપયોગી સાબિત થાય છે.



❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીના વિદ્યાર્થીઓ દ્વાર દ્વારા તાજેતરમાં હોનેસ્ટી (સચ્ચાઈ) અને ઇન્ટીગ્રિટી (ઈમાનદારી) વિષય પર રોલ પ્લે દ્વારા વેલ્યુ એજ્યુકેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સારા મૂલ્યો વિકસાવવા અને જીવનમાં સચ્ચાઈ અને ઈમાનદારીનું મહત્ત્વ સમજાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ પરિસ્થિતિઓ પર આધારિત રોલ પ્લે રજૂ કર્યા. જેમાં સચ્ચાઈ રાખવી, જવાબદારીપૂર્વક વર્તવું અને પ્રામાણિકતા જાળવવાની જરૂરિયાતને સરળ અને અસરકારક રીતે રજૂ કરવામાં આવી હતી. આ પ્રસ્તુતિઓ દ્વારા દર્શાવવામાં આવ્યું કે જીવનમાં હોનેસ્ટી અને ઇન્ટીગ્રિટી જેવા મૂલ્યો વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસ અને સમાજના સારા વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. વિદ્યાર્થીઓએ પોતાના અભિનય દ્વારા દૈનિક જીવનમાં આવતી પરિસ્થિતિઓનું ચિત્રાંકન કર્યું અને કેવી રીતે સાચો નિર્ણય લેવો તે અંગે સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને મૂલ્યો આધારિત શિક્ષણ વિશે મહત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાનો ૩૫ મો વાર્ષિકોત્સવ, પારિતોષિક વિતરણ, અનુસ્નાતક વિદ્યાર્થિનીઓને તથા વયનિવૃત્ત કર્મચારી ડૉ.એ.એલ. સુતરીયા, ડૉ.સવિતાબેન પટેલ અને મેઘરાજભાઈ ચૌધરીને શુભેચ્છાઓ પાઠવવાનો કાર્યક્રમ શ્રી સાર્વજનિક કેળવણી મંડળના હોદ્દેદારોની હાજરીમાં તા.૧૪–૩–૨૦૨૬ ના રોજ સંપન્ન થયો કૉલેજના પ્રિ.ડૉ.સુનીતાબેન સુપહીયાએ મહેમાનોનું સ્વાગત કરી, પરિચય કરાવ્યો અને સમગ્ર વર્ષ દરમિયાન કૉલેજમાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે વય નિવૃત્ત કર્મચારીઓને સાર્વજનિક કેળવણી મંડળ તરફથી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. સાથે સ્ટાફ મિત્રો દ્વારા પણ કુમકુમ તિલક કરી ફૂલહાર અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. મંડળના ઉપપ્રમુખશ્રી, માનદ મંત્રીશ્રી, સહમંત્રીશ્રી તથા ડૉ. નવીનભાઈ પટેલે વિદાય લઈ રહેલ અનુસ્નાતક વિદ્યાર્થિનીઓને અને વય નિવૃત કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે શૈક્ષણિક અને રમતગમત જેવી પ્રવૃત્તિઓમાં ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરનારને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



❊ શ્રી કે. આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજીમાં 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ યોજના હેઠળ 'ફિટ ઈન્ડિયા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને યુવાનોમાં શારીરિક તંદુરસ્તી પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. સમાજશાસ્ત્રની અધ્યાપિકા ડૉ. અંકિતાબેન પટેલે જીવનમાં યોગનું મહત્ત્વ શું છે? અને વિવિધ યોગ આસનો વિદ્યાર્થીઓને કરાવ્યા હતા. વિદ્યાર્થીઓ યોગ વિશે જાગૃત બને અને પોતાના જીવનને શ્રેષ્ઠ બનાવે એ ઉદેશ્યથી પંચ પ્રકલ્પ અંતર્ગત ફિટ ઈન્ડિયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીમાં તા. ૧૮–૩–૨૦૨૬ ના રોજ 'થનગનાટ–૨૦૨૬' સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો.આ કાર્યક્રમમાં સભાધ્યક્ષ બેલાબેન એન. શાહ, મુખ્ય મહેમાન કેતુલબેન પટેલ, હીનાબેન ખમાર, મીનાબેન પટેલ, રમાબેન આર. શાહ, અતિથિ વિશેષ કોમલબેન થાપા, વર્ષાબેન બંભાની, બરખાબેન નંદવાણી, કિશોરીબેન મણકીવાલા તેમજ એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડીના ઉપપ્રમુખ ડૉ. રજનીકાંત બી. શાહ, મંત્રી નલિનભાઈ એમ. શાહ, કારોબારી સભ્ય સુરેશભાઈ એચ. પટેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન કૉલેજની સાંસ્કૃતિક, રમત–ગમત, એન.એસ.એસ., એન.સી.સી. વગેરે પ્રવૃત્તિમાં સિદ્ધિ હાંસલ કરેલ. તેમજ શૈક્ષણિક ક્ષેત્રે પ્રથમ અને દ્વિતીય સેમેસ્ટરમાં પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થિનીઓનું મેડલ, ટ્રોફી અને સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ડૉ. કિંજલબા ચુડાસમા, ડૉ. તરુલતા પટેલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. જૈમિનીબેન સી. સોલંકી અને પ્રિ.ડૉ. હીનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



✻ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારિયા કોમર્સ કૉલેજ, થરા ખાતે તા. ૧૭ અને ૧૮, માર્ચ, ૨૦૨૬ ના રોજ સ્કોપ (SCOPE) (Society for Creation of Opportunity through Proficiency in English) ની CEPT પરીક્ષાનું આયોજન થયું હતું. જેમાં ૧૯૭ વિદ્યાર્થીઓએ કોમ્પ્યુટર લેબમાં ઓનલાઈન પરીક્ષા આપી હતી. આ સંપૂર્ણ પરીક્ષા વિદ્યાર્થીઓને અંગ્રેજીના ભાષાની ચાર સ્કીલ LSRW (Listening, Speaking, Reading, Writing) ને સમજવા માટે ઉપયોગી નીવડી હતી. આ ઓનલાઈન પરીક્ષામાં સ્કોપ એકઝામિનર તરીકે દિવ્યભાઈ પટેલ તથા લેબ કો–ઓર્ડિનેટર પ્રા. પ્રજ્ઞેશભાઈ પરમાર, ડૉ. હરેશભાઈ દવે તથા પ્રા. ગૌરવભાઈ શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતા.



✻ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી દ્વારા ભિલોડા તાલુકાના ધંબોલિયા ગામમાં 'પ્રાકૃતિક ખેતી દ્વારા સ્વસ્થ ભારત' વિષય પર ડૉ. ડી. સી. પટેલે અભ્યાસ અને જમીની હકીકતને અનુલક્ષી વાત કરી હતી. તો 'વ્યસન મુક્તિ અને સ્વસ્થ સમાજ' વિષય પર ડૉ. નીતિનભાઈ રેંટિયા અને ડૉ. સંજય પંડ્યાએ સરકારશ્રીના સંકલ્પોને સાકાર કરવા આહવાહન કર્યું હતું. આ બંને ઉપક્રમો ગામની દૂધ ડેરીના સભાખંડમાં યોજાયા હતા. આ પ્રસંગે ડૉ. માલતીબેન પટેલે બહેનો સાથે સંવાદ સાધ્યો હતો.

## તાલીમ



બી.કે મર્કેન્ટાઇલ બેન્ક લો કૉલેજ, પાલનપુર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ માટે લીગલ ઇંગ્લિશ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યો હતો. આ કોર્સ ખાસ કરીને કાયદાના વિદ્યાર્થીઓ અને કાનૂની વ્યાવસાયિકો માટે અંગ્રેજી સંચાર કુશળતા વધારવાના હેતુથી રચાયો હતો. કોર્સનો મુખ્ય ઉદ્દેશ કાનૂની ડ્રાફ્ટિંગ, કોર્ટરૂમ ભાષા અને વ્યાવસાયિક સંચારમાં પ્રાવીણ્ય વિકસાવવાનો હતો. આ અંતર્ગત શબ્દભંડોળ, કાનૂની પરિભાષા, લેખન કુશળતા અને વક્તૃત્વ આત્મવિશ્વાસમાં સુધારો કરવામાં ધ્યાન આપવામાં આવ્યું હતું. આ કોર્ષમાં એક્સપર્ટ તરીકે હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરતાં વકીલો આવેલ હતા તેમજ વિદ્યાર્થીઓને જનરલ ઈંગ્લિશ શીખવવા એક્સપર્ટ બોલાવવામાં આવેલા હતા.આ કોર્સમાં કુલ ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોર્સ વિદ્યાર્થીઓને અદાલતી કાર્યવાહી, ક્લાયન્ટ સાથેની ચર્ચા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરવામાં સહાયક બન્યો હતો.

## પ્રવાસ



✻ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરામાં બી.એ. સેમ.–૬ સંસ્કૃતના વિદ્યાર્થીઓ માટે અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલય, અંબાજીનો પ્રવાસ વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાથી અવગત થાય તે હેતુથી થયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મહાવિદ્યાલયના ઋષિકુમારો દ્વારા વેદમંત્રોનું ગાન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલય । ગુરુજી એચ.પી. શીલુ એ સ્વાગત પ્રવચન સાથે મહાવિદ્યાલયનો પરિચય, કાર્યપ્રણાલી અને અભ્યાસક્રમની વિગતો આપી હતી. પ્રધાનચાર્ય અને ગુરુજનો એ સંસ્કૃત મીડીયમમાં સંવાદ કેવી રીતે કરી શકાય તેનું વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નના સંતોષ કારક જવાબો આપવામાં આવ્યા હતા. વિદ્યાપીઠમાં અભ્યાસ કરતાં ઋષિકુમારોએ વેદમંત્રો ગાન કર્યું ત્યારે દિવ્ય અનુભૂતિ થઇ હતી. કાર્યક્રમના અંતે પ્રોગામ ઓફિસર ડૉ. રામ સોલંકીએ કૉલેજ પરિવાર વતી સંસ્થાનો આભાર માન્યો હતો.



✻ બી.એડ્. કૉલેજ, શામળાજીનો ચાર દિવસનો શૈક્ષણિક પ્રવાસ રાજસ્થાનના જેસલમેર, જોધપુર, પોખરણ, રણુંજા વગેરે સ્થળોએ યોજાયો હતો. રાજસ્થાન એટલે ભારતનું પ્રકૃતિની ગોદ ધરાવતું

રમણીય રાજ્ય. જેમાં કૉલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ પ્રવાસ દરમ્યાન ઓમ બન્ના, જોધપુર કિલ્લો, રામદેવરા દર્શન, વોર મ્યુઝીયમ, પોખરણ કિલ્લો, જેસલમેર, સીટી પેલેસ, ગડિસર ઝીલ, પટવો કી હવેલી, રાજા– રાણી પેલેસ, જીપ સફારી, કેમલ સફારી, કલ્ચર પ્રોગ્રામ, ડી જે પાર્ટી, તનોટ માતા, લોન્ગેવાલા બોર્ડર જેવા સ્થળોનો પ્રવાસ પૂર્ણ કર્યો હતો. જેમાં પ્રા.જેટેન્સભાઈ ખરાડી, પ્રા.રેખાબેન ગામેતી, પ્રા. રૂબિયાબેન માલવીયા, કાવજીભાઈ ગડસા તેમજ પ્રવાસ મંત્રી માર્શલ ખરાડી, ભૂમિકા ડુંડ અને તમામ સ્ટાફ મિત્રોએ તથા પ્રિ.ડૉ. કાર્મેલીબેન અહારીએ પ્રવાસમાં જોડાઈ જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.



✻ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા, પાટણના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૨૭–૩–૨૦૨૬ના રોજ ઐતિહાસિક નગર વડનગર તેમજ કુદરતી પર્યટન સ્થળ પાણિયારી વન આશ્રમ ખાતે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ વડનગરના તાનારીરી મંદિર, હાટકેશ્વર મંદિર તેમજ ઐતિહાસિક કીર્તિતોરણની મુલાકાત દરમિયાન ઉત્તરગુજરાતના ગીતકલા, સ્થાપત્યકલા જેવી અનેક કલાઓમાં પ્રદાનને જાણ્યું હતું. પુરાતત્વ મ્યુઝીયમની મુલાકાત લઇને તેમાં આધુનિક ટેક્નોલોજીથી જીવંત કરેલ પ્રાચીન ગુજરાતના ભવ્ય વારસાને જાણીને વિદ્યાર્થીઓ અભિભૂત થઇ ગયા હતા અને ઈતિહાસ તેમજ વિવિધ વિષયના વિદ્યાર્થીઓને પોતાના ગામ નગરના વારસાની સાચવણીની જરૂરીયાત જણાઇ હતી. પાણિયારી વનવિસ્તારની મુલાકાત લઇને ત્યા પર્યાવરણના સૌન્દર્યને માણ્યુ હતું. વિદ્યાર્થીઓએ ભૌતિક સુવિધાની સાથે કુદરતી સંસાધનની પણ આવશ્યકતા અનિવાર્ય છે તેમ જાણ્યું હતું. આ સમગ્ર પ્રવાસ વિદ્યાર્થીઓ માટે જ્ઞાનપ્રદ તેમજ આનંદપ્રદ રહ્યો હતો.

## મુલાકાત



✻ બી.કે.મર્કેન્ટાઈલ બેંક લો કૉલેજ,પાલનપુર દ્વારા તા. ૩૦–૧–૨૦૨૬ના રોજ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીની મુલાકાત લેવામાં આવી હતી. બોર્ડના માનનીય જજ શ્રી એ. શર્માએ બોર્ડની કામગીરી વિશે વિસ્તૃતમાં માહિતી આપી અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન જયેશ દવેએ કમિટીની કામગીરી વિશે માહિતગાર કર્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નો પૂછવામાં આવ્યા જેનો તેઓએ ખૂબ જ ઊંડાણપૂર્વક અને સરળ ભાષામાં જવાબ આપ્યો હતો.



✻ બી.કે. મર્કેન્ટાઈલ બેંક લો કૉલેજ, પાલનપુરમાં તા. ૫–૨–૨૦૨૬ના રોજ વ્યવહારુ કાનૂની શિક્ષણના ભાગ રૂપે એલએલબીના બીજા વર્ષના ૧૫ વિદ્યાર્થીઓએ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, પાલનપુર હેઠળના મધ્યસ્થી કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાતે વૈકલ્પિક વિવાદ નિરાકરણ, ખાસ કરીને મધ્યસ્થી વિશે મૂલ્યવાન વ્યવહારુ અનુભવ પૂરો પાડ્યો હતો. વિદ્યાર્થીઓએ મધ્યસ્થી કાર્યવાહી, કાનૂની માળખા અને ન્યાયની પહોંચ સુનિશ્ચિત કરવામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે પ્રત્યક્ષ સમજ મેળવી હતી.

આ ઉપરાંત એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા તા. ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીના રોજ "SIRAAJ-2026" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીએ વિવિધ પ્રકારની ઈવેન્ટ્સ ગેમમાં ભાગ લીધો હતો અને રીલ મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો.



✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરના કવચ કેન્દ્ર અંતર્ગત તા. ૧૦–૩–૨૬ ના રોજ ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ લેબની મુલાકાત યોજવામાં આવી હતી. આ ફોરેન્સિક સાયન્સ લેબમાં વિદ્યાર્થિનીઓને વિવિધ વિભાગોની વિગતવાર માહિતી આપવામાં આવી અને દરેક વિભાગનું કાર્ય કેવી રીતે થાય છે તેની સમજૂતી પણ આપવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓને ખૂબ ઊંડાણપૂર્વક અને પ્રેરણાદાયી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## વ્યાખ્યાન



✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુર ખાતે તા. ૨૩–૩–૨૦૨૬ના રોજ 'કવચ–કેન્દ્ર' દ્વારા

સાયબર ક્રાઈમ જાગૃતિ અંગેનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતુ. આ વ્યાખ્યાનમાં મહેસાણા સ્થિત સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના વાયરલેસ એ.એસ.આઈ. જગદીશભાઈ ચૌધરી મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને સાઈબર ફ્રોડથી કેવી રીતે બચી શકાય તેમજ ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર થતા ગુનાઓથી સાવચેત રહેવા અંગે વિસ્તૃત અને માહિતીસભર માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કૉલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની તથા હાલ સાઈબર ક્રાઈમ વિભાગમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા રેણુકાબેન પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થિનીઓને સાઈબર ફ્રોડથી બચવાના ઉપાયો તેમજ ખોટી લલચામણી રીલ્સથી સાવચેત રહેવા અંગે મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.



✻ બી.કે. મર્કેન્ટાઈલ બેંક લો કૉલેજ, પાલનપુર દ્વારા ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ 'ભારતીય સંદર્ભમાં સજાના સિદ્ધાંતોનું વિશ્લેષણ અને તેમના ઉપયોગ' વિષય પર ઓનલાઈન મોડથી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન ડૉ. કરહલે સદાનંદ અનંતરાવ (કાયદા વિભાગ, IFCAI યુનિવર્સિટી, હૈદરાબાદ) એ સજાના વિવિધ સિદ્ધાંતો, જેમાં પાંચ નિવારક અને સુધારાત્મક સિદ્ધાંતોનો સમાવેશ થાય તેની વિગતવાર ચર્ચા કરી અને ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં તેમના પ્રેક્ટિકલ ઉપયોગનું વિવેચનાત્મક વિશ્લેષણ દ્વારા સમજાવ્યું હતું. તેમણે તાજેતરના નવા કાયદા પ્રમાણે ન્યાયિક વલણો, સજા નીતિઓ અને સુધારાવાદી અભિગમો સાથે ન્યાયને સંતુલિત કરવાના મહત્ત્વ પર ચર્ચા કરી હતી.



✻ બી. કે. મર્કેન્ટાઈલ બેન્ક લો કૉલેજ, પાલનપુર દ્વારા તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના બાળકોના જાતીય અપરાધોથી રક્ષણ અધિનિયમ–૨૦૧૨ (POCSO Act) પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં શ્રી એસ.જે. ઠક્કર (એડીશનલ સીનીયર સિવિલ જજ), શ્રી કે.કે. પટેલ (સેક્રેટરી, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ (DLSA), પાલનપુર), શ્રી એ.એફ. અંસારી (એડીશનલ સીનીયર સિવિલ જજ, પાલનપુર) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. બાળકોના જાતીય અપરાધોથી રક્ષણ અધિનિયમ, ૨૦૧૨ અંગે માહિતી અને મુલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ DLSA દ્વારા Youth Reel અને ટૂંકી ફિલ્મ બનાવવા અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ. આ ઉપરાંત પરમાર જીગરકુમાર, ઠાકુર જેનીશાબેન, હિંગોરજા શાહરૂખ, બારોટ ક્રિષ્નાબેન, ખત્રી જાનવીબેન, ગૌસ્વામી પ્રિયંકાબેન દ્વારા બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળની તમામ કૉલેજોમાં લીગલ એડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગ્રાહક સુરક્ષા અને તેના અધિકારો વિશેની જાગૃતિ ફેલાવવામાં આવી હતી.



✻ એમ.એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુરના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા તા. ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે 'મનોવિજ્ઞાન વિષયમાં રહેલી કારકિર્દી' વિષય પર એક વિશેષ તજજ્ઞ વ્યાખ્યાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે વિસનગરની એમ. એન. કૉલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ભરત વૈદ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ક્લિનિકલ, કાઉન્સેલિંગ, રિસર્ચ, એજ્યુકેશન અને RCI કોર્ષ જેવા મનોવિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ રોજગારી અને કારકિર્દીની વિશાળ તકો વિશે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રિ. ડૉ. રમેશકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ જ્ઞાનવર્ધક કાર્યક્રમનું સુંદર આયોજન ડૉ. શ્રવણકુમાર ખારાણી અને ડૉ. શરદ જાની દ્વારા કરવામાં આવ્યું હતું.

## વર્કશોપ



✻ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર અને નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) ના સંયુક્ત ઉપક્રમે તા.૨૩–૩–૨૦૨૬ ના રોજ 'બહુ–શાખાકીય સંશોધન દ્વારા ડિજિટલ પરિવર્તન પહેલનું મૂલ્યાંકન' વિષય પર એક દિવસીય રાજ્ય કક્ષાનો વર્કશોપ સંપન્ન થયો હતો. પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને અને પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સિપાલશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી મહેમાનોને આવકાર્યા હતા અને સંશોધન કાર્યની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. વર્કશોપના મુખ્ય વક્તા તરીકે ડૉ. અશ્વિનકુમાર પટેલ અને ડૉ. રાજેશકુમાર ત્રિવેદીએ ઉપસ્થિત રહી સંશોધનના મૂળ ખ્યાલો વૈજ્ઞાનિક અભિગમ, ડેટા સંગ્રહ, પૂર્વધારણા, સાહિત્ય સમીક્ષા અને

અહેવાલ લેખન જેવા મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સેમિનારમાં કુલ ૨૦૮ ડેલિગેટ્સ અને રિસર્ચ સ્કોલર્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમને કીટ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કન્વીનર ડૉ. ચિરાગ રાવલ તેમજ સહ–કન્વીનર ડૉ. સમીરભાઈ પ્રજાપતિ અને ડૉ. ભાવનાબેન બોસમિયા દ્વારા કરવામાં આવ્યું હતું.



✲ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા અને લર્નિંગ એન્ડ એકસપોઝર કમ સ્ટડી ટૂર ફોર સ્ટુડન્ટ યોજના હેઠળ અર્થશાસ્ત્ર અને કોમર્સ વિભાગના ૬ વિદ્યાર્થીઓએ ડી. ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે. જે. પટેલ કોમર્સ કૉલેજ ખેડબ્રહ્મામાં આયોજિત સંશોધન અંગેના એક દિવસીય રાજ્ય કક્ષાના વર્કશોપ, "How to Write a Research Paper and an Article in Social Science" માં ભાગ લીધો હતો. પ્રિ.ડૉ. દિનેશકુમાર ચારણે જણાવ્યું હતું કે, આ વર્કશોપ વિદ્યાર્થીઓને સંશોધનની વિવિધ પદ્ધતિઓ, ડેટા કલેક્શન, અને એનાલિસિસ વિશે જાણકારી મેળવવામાં મદદરૂપ થશે. વિદ્યાર્થીઓને પોતાના સંશોધન કાર્યમાં નવી તકનીકો અને પદ્ધતિઓનો ઉપયોગ કરવાની જાણકારી મેળવવી જરૂરી છે. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ સંશોધનની વિવિધ પદ્ધતિઓ, ડેટા કલેક્શન, અને એનાલિસિસ વિશે જાણકારી મેળવી હતી. કાર્યક્રમનું સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રાજેશકુમાર ખાંટ દ્વારા કરવામાં આવ્યું હતું.



✲ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરમાં તા. ૨૭ અને ૨૮, માર્ચ ૨૦૨૬ ના રોજ લેટેસ્ટ હેર કટ તથા એચ.ડી. મેકઅપ માટે સ્પેશિયલ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. કૉલેજમાં ચાલતા હેર એન્ડ સ્કીન બ્યુટી ટ્રીટમેન્ટ કોર્સની વિદ્યાર્થિનીઓએ આ બંને દિવસ હાજરી આપી અને હેર કટ તથા મેકઅપના લેટેસ્ટ ટ્રેન્ડ વિશે માહિતી મેળવી હતી તથા પ્રેકટીકલ નિહાળ્યા હતા. કૉલેજની જ ભૂતપૂર્વ વિદ્યાર્થિની તથા હાલના જાણીતા બ્યુટીશન કોમલબેન પટેલે ઊંડાણપૂર્વક વિદ્યાર્થિનીઓને આ બંને વિષયો પર માહિતી આપી હતી.



✲ શ્રીમતી કે.કે. શાહ આર્ટસ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા અને IQACના સંયુક્ત ઉપક્રમે તા.૪ ફેબ્રુઆરી થી ૧૪ માર્ચ, ૨૦૨૬ સુધી ત્રીસ દિવસીય એડ.ઓન. કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. દિનેશકુમાર ચારણે ગરવી ગુજરાતનું સ્મરણ કરી, ગુજરાતી ભાષાના વિવિધ પાસાઓને યાદ કરી, માનવ જીવનમાં ગુજરાતી ભાષાનું સ્થાન અને મહત્ત્વ સમજાવી વિષયને અનુરૂપ જ્ઞાનસભર પ્રેરક પ્રવચન આપ્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. મયંકભાઈ જોષીએ ગુજરાતી વ્યવહાર ભાષાના સંદર્ભે ગુજરાતી ભાષાનું વ્યાકરણ, નિબંધ લેખન, સારલેખન, અર્થ વિસ્તાર, છંદ અને અલંકારો વિશે ગહનતાપૂર્વક પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. નરેશભાઈ ભુરીયાએ કાવ્ય સમીક્ષાને રસદર્શન, ગદ્ય સમીક્ષા ને વિવરણ, સંક્ષેપ અર્થ વિસ્તાર, વાર્તા લેખન, અહેવાલ લેખન અને વિચાર વિસ્તાર વિશે વિદ્યાર્થીઓને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડૉ. પાયલબેન પરીખે પરિછેદ–લેખન, અપઠિતનો આસ્વાદ, વ્યવહાર ભાષા અને કેટલીક વ્યાકરણ માહિતી આપીને વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા સંદર્ભે પ્રોત્સાહિત કર્યા હતા. આ ૩૦ દિવસીય જ્ઞાનયજ્ઞમાં ગુજરાતી વિષયના બી.એ. સેમ. ૨, ૪ અને ૬ ના ૩૬ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક ભાગ લીધો હતો.

## શિબિર



શ્રી સાર્વજનિક બી.એસ.ડબલ્યુ./એમ.એસ.ડબલ્યુ. કૉલેજ, મહેસાણાનો વનવાસી વિસ્તરણ પરિચય શિબિરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં વનવાસી ઉત્કર્ષ મંડળ ભચડિયા સંચાલિત વિનયમંદિર શાળાના પ્રિન્સીપાલશ્રી, કુંવારશી આશ્રય શાળાના પ્રિન્સીપાલશ્રી, ડેપ્યુટી સેક્શન ઓફિસર, SPIPA, વિનય મંદિર આશ્રમ શાળા પીપળાવાળી વાવના આચાર્યશ્રી તથા અન્ય મહાનુભાવો, કૉલેજના આચાર્યશ્રી, શિબિર કો–ઓર્ડિનેટર, સર્વે સ્ટાફ શિબિરાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સમૂહ પ્રાર્થના બાદ કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. કાંતીબેન ત્રિવેદી દ્વારા મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમનો હેતુ દર્શાવી કૉલેજનો પરિચય આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શિબિર કો–ઓર્ડિનેટર ડૉ. બિજલબેન દવે દ્વારા શિબિર દરમિયાન કરવામાં આવનાર પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી. રોશનીબેન ચૌધરી દ્વારા ગ્રામીણ શિબિરનો પરિચય આપવામાં આવ્યો હતો. અમરશીભાઈ ગોહિલ દ્વારા વિદ્યાર્થીઓને વનવાસી લોકોની સંસ્કૃતિ અને તેમના જીવન,

પરિસ્થિતિનો પરિચય આપવામાં આવ્યો તથા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## સ્પર્ધા



✻ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં કવચ કેન્દ્ર યોજના અંતર્ગત તા. ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ 'સાયબર સુરક્ષા આજની આવશ્યકતા' વિષય પર નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૨૯ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં નિર્ણાયકશ્રી ડૉ.વૈશાલી પંચાલ અને ડૉ.હરેશ ગોળ દ્વારા પ્રથમ ત્રણ ક્રમ આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે પટેલ વિશ્વા, દ્વિતીય ક્રમે પરમાર ક્રિષ્ના અને તૃતીય ક્રમે સેનમા રોશની આવી જેમને પ્રિ.ડૉ.સુનિતા સુપહિયાના હસ્તે પ્રોત્સાહક ઈનામ આપી અભિનંદન પાઠવ્યા હતા.



✻ એમ. એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર ખાતે સાંસ્કૃતિક ધારા અંતર્ગત તા. ૧૯ અને ૨૦, ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમ્યાન યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ રચનાત્મક સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં રંગોળી, મહેંદી અને શીઘ્ર ચિત્ર સર્જન જેવી કલાત્મક સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ રંગો અને રેખાઓ દ્વારા પોતાની કલા પ્રદર્શિત કરી હતી. આ ઉપરાંત, રસોઈ સ્પર્ધા (ફાયરલેસ કુકિંગ) અને સલાડ ડેકોરેશનમાં વિદ્યાર્થીઓએ અવનવી વાનગીઓ બનાવી સ્વાદ અને સજાવટનો પરિચય કરાવ્યો હતો. બૌદ્ધિક અને સાહિત્યિક ક્ષમતાના વિકાસ માટે નિબંધ લેખન, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા, કાવ્ય પઠન અને ક્વિઝ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. પર્યાવરણ જાગૃતિના ભાગરૂપે 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધામાં પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન અને આયોજન સાંસ્કૃતિક ધારાના કન્વીનર ડૉ. અશોકકુમાર સુથાર અને પ્રા. વંદનાબેન રાજગોર દ્વારા કરવામાં આવ્યું હતું.

## સેમિનાર



✻ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર અને કેસીજી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે પ્રમુખ ડૉ.મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને અને પ્રિ.ડૉ.સી.એમ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યક્રમના ઉદ્‌ઘાટક હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ.કે.સી.પોરિયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. બે દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનાર 'વિશ્વનું જોડાણઃ વાણિજ્ય, સંસ્કૃતિ અને ભાષામાં આંતર શાખાકીય આયામો' વિષય પર યોજાયો હતો. ડૉ.કે.સી. પોરિયાએ વૈશ્વિક પરિપેક્ષમાં સંશોધનના નવીનતમ અભિગમો અને સંભવિત ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત તેમજ આદાન પ્રદાન આંતર-શાખાકીય સહયોગ અને કલ્યાણ કેવી રીતે ઉપયોગી અંગેની સ્પષ્ટતા કરી હતી. ડૉ. સુનિલકુમાર અને ડૉ.કિન્નરીબેન ઠક્કરે તેમના વકતવ્યમાં વૈજ્ઞાનિક અભિગમ સમસ્યાનું નિવારણ તથ્ય આધારિત વિશ્લેષણ ડેટા સંગ્રહ પૂર્વધારણા, સાહિત્ય સમીક્ષા મૂલ્યાંકન, સંશોધનના મૂળ ખ્યાલો, પ્રક્રિયા, પ્રકારો અહેવાલ લેખન વિશેની વિસ્તૃત માહિતી આપી હતી. આ સેમિનાર ચાર ટેકનીકલ સેશનમાં યોજાયો. જેમાં ૪૦૭ રજીસ્ટ્રેશન થયેલ અને ૨૫૪ રિસર્ચ પેપર રજુ થયા હતા. સેમિનારમાં ભાગ લીધેલ તમામ સહભાગીઓને કીટ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

## સબરસ

પત્ની : હું મરી જઉં તો તમે શું કરશો?
પતિ : હું પણ મરી જઈશ.
પત્ની : કેમ ? એટલો બધો પ્રેમ કરો છો?
પતિ : ના હું આટલી ખુશી સહેન નહીં કરી શકું એટલે.


**HNGU**
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian)
Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O
વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/- કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/-